### ત્રણ મહિનાથી પગાર વગર ટળવળતા

# અરવલ્લી જીલ્લા સેવાસદનના સફાઈ કામદારો : જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લામાં "દેવા તળે અંધારું" જેવી ઘટના બહાર આવી હતી અરવલ્લી જીલ્લા સેવાસદનમાં કોન્ટ્રાકટ પદ્ધતિ હેઠળ ફરજબજાવતા સફાઈ કામદારોને છેલ્લા ત્રણ મહિનાથી એજન્સીએ પગાર નહિ કરતા સફાઈ કર્મચારીઓએ આંદોલનનો માર્ગ અપનાવી હડતાલ પર ચાર દિવસ થી ઉતરી જતા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવા છતાં પગાર ન થતા ગુજરાત વાલ્મિકી સંગઠન સફાઈ કામદારોના સમયસર પગાર કરવા માટે જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી સફાઈ કામદારોનો પગાર સમયસર આપવાની માંગ કરી હતી સફાઈ કામદારો હડતાલ પર ઉતારતા જીલ્લા સેવાસદન કચેરીમાં ગંદકીના ઢગ ખડકાયા છે



મોડાસા શામળાજી રોડ પર આવેલા જીલ્લા સેવાદાન કચેરીમાં આવેલી જીલ્લા કલેક્ટર કચેરી, મામલતદાર કચેરી અને પશુ દવાખાનાઓમાં કોન્ટ્રાકટ એજન્સી મારફતે સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ નો સમયસર પગાર ન થતા અગાઉ પણ સફાઈ કામદારો હડતાલ પર ઉતરી ગયા હતા અને વાલ્મિકી સમાજના અગ્રણી લાલજી ભગતે દંડવત પ્રણામ સાથે આવેદનપત્ર આપ્યું હતું તે ઘટનાના થોડા સમય પછી છેલ્લા ત્રણ મહિનાથી સફાઈ કામદારોને પગાર નહિ મળતા જીવનનિર્વાહ ચલાવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે વારંવાર કોન્ટ્રાકટ એજન્સી ના જવાબદાર અધિકારીઓ આગળ રજુઆત કરવા છતાં પગાર નહિ થતા તમામ સફાઈ કામદારો હડતાલ પર ઉતર્યા છે વાલ્મિકી અગ્રણી લાલજી ભગત અને સીપીએમના ડાહ્યાભાઈ જાદવની આગેવાની



હેઠળ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી સમયસર પગાર માટેની માંગ કરી હતી. લાલજી ભગતે જણાવ્યું હતું કે સફાઈ કામદારો ત્રણ દિવસથી તેમનો ત્રણ મહિનાના અટવાયેલા પગાર માટે હડતાલ પર ઉતર્યા છે હડતાલ પર ઉતરેલા કામદારો કોઈ પણ પગલું ભરશે તો તેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે તેમ ભાર પૂર્વક જણાવ્યું હતું.

## પાલનપુરમાં કંથેરિયા હનુમાનજી મંદિરે શનિ જયંતિની ભવ્ય ઉજવણી



પાલનપુર, તા. ૬

૮મો શનિદેવ જયંતી પર્વે મહાયજ્ઞ આરતી-પ્રસાદ ભાવિકો દર્શનાર્થે આજે હિન્દુ સનાતન ધર્મમાં તિથિનો સુંદર સમન્વય સર્જાયો છે. સોમવતી અમાસ, શનિ જયંતિઅને વટસાવિત્રી વ્રત એમ ત્રિવેણી સંગમ સર્જાયો છે. ત્યારે પાલનપુર શહેરના પૌરાણીક એવા કંથેરિયા હનુમાન મંદીરે આજે શનિદેવની જન્મજયંતિએ મહોત્સવ ઉજવાયો હતો. પ.પુ. મહંતશ્રી શિવગીરીજીબાપુ (ગુરૂ શ્રી ક્ષિપ્રાગીરીજીબાપુ)ની પ્રેરણાથી કંથેરિયા હનુમાન ભક્ત મંડળ દ્વારા આજે અત્રે ૮ મો શનિ જયંતિ મહોત્સવ ઉજવવામાં આવેલ. તેલ, કાળા તલનો અભિષેક કરાયો હતો. મંદિરમાં મહાયજ્ઞ, આરતી, પ્રસાદ સાથે ભક્તોને લાડુ અને કેરીના રસનું ભોજન (પ્રસાદ) અપાયો હતો. મોટી સંખ્યામાં ભાવિકો હનુમાનજી અને શનિદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

### માલપુર-લુણાવાડા રોડ પર

# ડમ્પરે બાઈકને ટક્કર મારતા પીપરાણા ગામના પિતા-પુત્રીનું ઘટનાસ્થળે મોત





મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લામાં ટ્રાફિક પોલીસતંત્રની બેધારી નીતિ થી વાહનચાલકો ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરી માર્ગો પર બેફામ વાહનો હંકારતા અકસ્માતની ઘટનાઓમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે કેટલાક અકસ્માતમાં નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓ ભોગ બની રહ્યા છે માલપુર-લુણાવાડા રોડ પર નવા રક્ષેશ્વર મહાદેવ મંદિર નજીક ડમ્પરે બાઈકને ટક્કર મારતા બાઈક સવાર પિતા-પુત્રીના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મોત નિપજતા માલપુર પંથકમાં શોકની લાગણી છવાઈ હતી

બુધવારે સાંજના સુમારે, માલપુર તાલુકાના પીપરાણા ગામના મણીભાઈ સાયબાભાઈ તરાર તેમની ૧૧ વર્ષીય પુત્રી કિરણ બેન સાથે બાઈક પર કામકાજ અર્થે માલપુર-લુણાવાડા માર્ગ નવા રક્ષેશ્વર મહાદેવ નજીક થી પસાર થઈ રહ્યા હતા પાછળ થી ગફલતભરી પુરઝડપે હંકારી આવી રહેલા આઈવા ડમ્પર (ગાડી.નં - GJ 9 AU 9956) ના ચાલકે ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાતા બાઈક સવાર પિતા-પુત્રી રોડ પર પટકાતા બંનેના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકએ ઈજાગ્રસ્ત પિતા-પુત્રીને સારવાર અર્થે દવાખાને ખસેડાતા પિતા-પુત્રીનું સારવાર દરમિયાન મોત નિપજતા ભારે અરેરાટી વ્યાપી હતી અકસ્માતના પગલે દોડી આવેલી માલપુર પોલીસે પિતા-પુત્રીના મૃતદેહને પીએમ માટે માલપુર પોલીસે કીર્તિભાઈ હરિભાઈ તરારની ફરિયાદના આધારે અકસ્માત સર્જી ફરાર આઈવાના ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

પીપરાણા ગામમાં તરાર પરિવારના પિતા-પુત્રીનું અકસ્માતમાં મોત નિપજતા માલપુર પંથકમાં ગમગીની છવાઈ હતી.

## જિલ્લા પંચાયતની મેમદપુર બેઠકના સદસ્ય અશ્વિન સક્સેના દ્વારા ઉમરેચા ગામની મુલાકાત



વડગામ, તા.૬

બનાસકાંઠા જીલ્લા પંચાયતના સદસ્ય શ્રી અશ્વિન સકસેના તથા કામરાજભાઈ ચૌધરી, ભીખાભાઈ પટેલ એ જી.પં મેમદપુર મત વિસ્તાર માં આવતા ઉમરેચા ગામમાં લોક સંપર્ક દરમીયાન ગ્રામ પંચાયત ની શુભેચ્છા મુલાકાત લીધી હતી તથા દેવીપૂજક મહોલ્લા ની મુલાકાત લીધેલ જેમાં ગામના લોકોએ વીજળી કનેકશન બાબત, ઉમરેચા થી ડાલવાણા પાકો રોડ બનાવવા,બજાણીયા સમાજ ના મહોલ્લામાં પુર સંરક્ષણ દિવાલ,બનાવવા પાલડી-અનુસૂચિત જાતિ મહોલ્લા માં આર.સી.સી રોડ, પ્રજાપતિ મહોલ્લામાં આર.સી.સી રોડ, સુરજપુરા રોડ પર વરસાદી પાણીથી થતા ધોવાણથી પુર સંરક્ષણ દિવાલ અંગે ગામના સરપંચશ્રી ભગવાનજી ઠાકોર, દ્વારા જણાવાયુ હતુ. તલાટીશ્રી પરેશભાઈ, હરીભાઈ પ્રજાપતિ, ડાલવાણ સરપંચશ્રી કાંતીભાઈ પ્રજાપતિ તથા દલપતભાઈ પરમાર તથા ગામના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતા.

# વડગામ તાલુકાના અશોકગઢ ગામમાં ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયુ

### જિલ્લા પંચાયતના સદસ્ય અશ્વિન સક્સેના દ્વારા દિપ પ્રાગટ્ય કરી રમતની શરુઆત કરાવાઇ

વડગામ, તા. ૬

વડગામ તાલુકાના



અશોકગઢ ગામમાં યુવાનો દ્વારા ટેનીસ ક્રિકેટ મેચનુ આયોજન કરવામાં આવ્યું હતું

જેમાં આજુ બાજુની ૨૫ ટીમોએ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ રમતમાં ભાગ લીધો છે જેમાં અશોકગઢ ખાતે બનાસકાંઠા જીલ્લા પંચાયતના સદસ્ય શ્રી અશ્વિન સકસેનાના હસ્તે દિપ પ્રાગટ્ય કરી ક્રિકેટ મેચની પ્રથમ બે ટીમ હરદેવાસણ અને અશોકગઢ વચ્ચે ટોસ ઉછાળી શરૂ કરાવી હતી.

તેમણે જણાવ્યુ હતું કે કોઈપણ રમતમાં મેદાનમાં ખેલદીલી થી રમવું જોઈએ રમતોથી યુવાનોનું શારીરીક ઘડતર થાય છે જેથી યુવાનો એ દરેક ક્ષેત્ર ની રમતોમાં ભાગ લેવો જોઈએ. જેમાં અશોકગઢ ગ્રામજનો એ અશ્વિન સકસેનાનું શાલ ઓઢેડીને સ્વાગત કર્યું હતું કાલેડા સીટના ઈન્ચાર્જ ભરતભાઈ પટેલ, તલાટીશ્રી પ્રકાશભાઈ ચૌધરી, શિવરામભાઈ કટારિયા, મહેશભાઈ પરમાર સહીત મોટી સંખ્યામાં ગામ લોકો હાજર રહ્યાં હતાં.

### વડગામ તાલુકાના રૂપાલ ગામમાંથી ગુમ થયેલ

# કિશોરી કૂવામાંથી બેભાન અવસ્થામાં મળી આવતાં ચકચાર





**ખાટલો લાવીને કિશોરીને કૂવામાંથી બહાર નિકાળી હતી : કિશોરીને તાત્કાલિક ૧૦૮ વાન દ્વારા દવાખાને સારવાર માટે ખસેડવામાં આવી**

વડગામ

વડગામ તાલુકાના રૂપાલ ગામમાં થી બુધવારના બપોરના સમયે અચાનક ગુમ થયેલી કિશોરી રૂપાલની સીમમાં આવેલા કૂવામાંથી બેભાન અવસ્થામાં મળી આવતાં ચકચાર મચી ગઈ છે

ઘટના સ્થળે થી કિશોરીના ભાઇ સેધાભાઈ મારૂં એ જણાવેલ હકીકત મુજબ તેમની બેન ચંન્દ્રીકાબેન ધર્માભાઈ મારૂં ઉ.વ.૧૭ જે બુધવારના બપોરના અંદાજે ૩ વાગ્યા ના સુમારે તેમના ઘરેથી ચંન્દ્રીકા આવું કહીને ઘરેથી નિકળી હતી ત્યારબાદ મોડે સુધી ઘરે ન આવતાં કુટુંબીજનો આ હોફળા ફોફળા બની ગયા હતા અને આખી રાત આજુ બાજુ ના ખેતરોમાં તેમજ ગામ સહિત સગાં સંબંધીઓ ના ત્યાં તપાસ કરી હતી પરંતુ આ કિશોરીની કોઈજ ભાળ ન મળતાં હારી થાકીને ને ચિંતન બની ગયા હતા સવારમાં ગુરુવાર સવારે પણ આ યુવતીની આજુબાજુ ના ગામડાઓ સહીત માં સઘન તપાસ કરી હતી છતાં પણ કોઈજ ભાળ ન મળતાં કુટુંબીજનો માથે આભ તુટી પડ્યું હતું અને ભારે ચિંતન બની ગયા હતા ગામના જ એક દેવીપુજક યુવક પર શંકા જતાં તપાસ કરી હતી પણ આ યુવક પણ ન મળતાં કંઈક અજુગતું બન્યું હોવાનુ શંકાઓ ઘેરી બની હતી આ કિશોર ના કુટુંબીજનો એ દેવીપુજક જે ખેડૂતના ઘરે ભાગીયા તરીકે કામ કરતો હતો તે ખેડૂતને વાત કરતાં ખેડૂતે દેવીપૂજક યુવકને બોલાવી ને કિશોર ના કુટુંબીજનો સાથે મેળાપ કરીને વાતચીત કરાવી હતી પરંતુ યુવકે કિશોરીનો કોઈજ ખ્યાલ ન હોવાનું જણાવ્યું હતું આ યુવક ની પુછપરછ કર્યો ના બે ત્રણ કલાક બાદ યુવક જે ખેડૂતના ખેતરમાં ભાગીયા તરીકે કામ કરતો હતો તે ખેતરના કૂવા આસપાસ બકરાં ચરાવતા યુવકને કૂવામાંથી કોઈ નો અવાજ આવતો હોવાનું માલુમ પડતાં બકરાં ચરાવતા યુવકને ખેતર માલિકને જાણ કરી હતી ખેતર માલિક આવીને જોતા કોઇ પડ્યું હોવાનું જણાયું હતું અને કિશોરી ના કુટુંબીજનો ને જાણ કરતાં દોડી આવ્યા હતાં આ વાત વાયુવેગે ગામમાં પ્રસરી જતાં લોકોના ટોળેટોળાં ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ખાટલો લાવી ને કિશોરી ને બહાર નિકાળી હતી કિશોરી ને તાત્કાલિક ૧૦૮ વાન દ્વારા દવાખાને સારવાર માટે ખસેડવામાં આવી હતી અને છાપી પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી

### કિશોરીના ભાઈએ શંકા વ્યક્ત કરી

કિશોરી ના ભાઇ સેધાભાઈ મારૂં એ જણાવ્યું હતુ કે આ કૂવામાં અમે પહેલાં તપાસ કરી હતી પણ તે સમયે કૂવામાં કોઈજ ના હતું તો આ કૂવામાં આવી કેવી રીતે તે બાબતે શંકાઓ વ્યક્ત કરી હતી કિશોરી ના પાછળ દુપટ્ટા થી તેના ચપ્પલ બાંધેલા હતા કોઈક ઈસમ દ્વારા કિશોરીને પુછતાં અર્ધ અવસ્થા માં કિશોરીએ કોઈકે ફેંકી હોવાનું જણાવ્યું હતું ત્યારે પોલીસ માટે તપાસનો વિષય બન્યો છે

# પાલનપુર પાલિકા દ્વારા સુખબાગના રહીશોને જાહેરમાં ગંદકી કરવા બદલ નોટીસ ફટકારાશે

પાલનપુર

પાલનપુર શહેરમાં કેટલાક રહીશો દ્વારા જાહેરમાં ગંદકી કરવામાં આવતી હોય છે.જેથી પાલિકા દ્વારા સુખબાગ રોડ ઉપર આવેલી કેટલાકી સોસાયટીના રહીશો દ્વારા જાહેરમાં ગંદકી કરવામાં આવતા ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતુ.અને જે




રહીશો દ્વારા જાહેરમાં ગંદકી કરવામાં આવેલુ નજરે પડતા તેમની નોટીસો તૈયાર કરવામાં આવી છે.જે આગામી બે દિવસમાં આપવામાં આવશે.

પાલનપુર શહેરમાં કેટલાક રહીશો દ્વારા પોતાના ઘર વપરાસનું પાણી જાહેરમાં નિકાલ કરી ગંદકી કરવામાં આવતી હોવાની ફરીયાદો ઉઠી હતી.જેથી પાલિકાના સેનિટેશન ઈન્સ્પેક્ટર લાલજીભાઈ દ્વારા ટીમ સાથે શહેરમાં કેટલાક વિસ્તારમાં તપાસ કરવામાં આવી હતી.જેના પગલે સુખબાગ રોડ ઉપર આવેલી કેટલકી સોસાયટીના રહીશો દ્વારા પોતાના ઘર વપરાસનું પાણીનો જાહેરમાં નિકાલ કરવામાં આવતુ હોવાથી તેમની નોધ કરી નોટીસો તૈયાર કરવામાં આવી છે.જે આગામી બે દિવસમાં નોટીસો ફટકારવામાં આવેશે તેમ સેનિટેરન વિભાગના સુત્રોએ જણાવ્યુ હતુ.

## પાલનપુર અને ડીસમાંથી ખનિજ ચોરી કરતા બે ડંમ્પર ઝડપાયા



પાલનપુર

બનાસકાંઠા ભૂસ્તર વિભાગ દ્વારા પાલનપુર અને ડીસામાં ઓચિંતુ તપાસ હાથ ધરવામાં આવ્યુ હતુ.અને ખનિજ અને રોયલ્ટીની ચોરી કરનાર બે ડંમ્પર ચાલકોને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ભૂમાફીયાઓમાં ફફડાટ પ્રસરી ગયો છે.

બનાસકાંઠામાં કેટલાક શહેરમાં ભૂમાફીયાઓ દ્વારા રાત્રી દરમીયાન રોયટી તેમજ ખનિજની ચોરી કરવામાં આવતી હોવાની ફરીયાદો ઉઠી હતી.જેના પગલે જિલ્લા ભૂસ્તર શાસ્ત્રી સુભાષ જાષી દ્વારા સ્ટાફના મેહુલ દવે સહીતના સ્ટાફ દ્વારા પાલનપુર અને ડીસામાં રાત્રી દરમીયાન ઓચિંતુ ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતુ.જેથી પાનલપુર અને ડીસામાંથી રોયલ્ટી અને ખનિજની ચોરી કરતા બે ડંમ્પરો મળી આવ્યા હતા.જેથી બંન્ને ડંમ્પરોને ઝડપી દંડાત્મક કાર્યાવાહી હાથ ધરવામાં આવતા અન્ય ભૂમાફીયાઓમાં ફફડાટ પ્રસરી ગયો છે.

### હજુ આકરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વળતો ઉનાળો વધુ આક્રમક અને અસહ્ય પુરવાર થયો છે. છેલ્લા બે દિવસથી મહત્તમ તાપમાન ઘટશે તેવી આશ નગરજનો સેવી રહ્યા છે. પરંતુ અસહ્ય ગરમીમાં કાંઈ ખાસ રાહત અનુભવાતી નથી. બીજીતરફ વધતો બફારો પણ નગરજનો માટે પરેશાનીનુ કારણ બન્યો છે. વાતાવરમ પલ્ટા સાથે મેઘરાજા હેત વરસાવે તેવી આશ સૌ કોઈ સેવી રહ્યા છે.

### અદ્ધરતાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આંતરિક માર્ગોની સુધારણાનુ કામ મંજુર કરી દેવાયુ છે. પરંતુ હવે વરસાદી દિવસો નજીકમાં હોવાથી આ કામ હાથ ધરવાનુ મુશ્કેલ બન્યુ છે. બીજીતરફ નગરના જુના સેકટરોમાં પણ આંતરિક માર્ગોની કામગીરી અન્વયે તંત્ર દ્વારા વિભાગમાં રજુ કરાયેલી દરખાસ્ત હજુ સુધી મંજુર થઈ નથી. જેના લીધે જુના સેકટરોમાં હજુ સુધી માર્ગ સુધારણાની કામગીરીનુ આયોજન થયુ નથી. જો કે આગામી વરસાદી દિવસોમાં માર્ગોનુ વધુ ધોવાણ થશે તેમ પણ મનાઇ રહ્યુ છે .ત્યારે ચોમસા બાદ જુના સેકટરોમાં ત્વરિત માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાય તેવી માંગ પણ ઉઠવા પામી છે. શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી અન્વયે સેકટરોમાં કામ બાકી છે. જયારે મુખ્ય ગ માર્ગને સિકસલે બનાવવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. ત્યારે આ પ્રોજેકટ અન્વયે પણ વરસાદી દિવસો બાદ કામ હાથ ધરાય તેવી સંભાવના છે.

### અહેવાલ આપો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વસ્થગ્રામ યોજના માટે સ્વચ્છતા મિશન અંતર્ગત થયેલ કામગીરીમાં પણ ઉદાસીનતા જોવા મળી રહી છે તેને લઈ નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે સેગ્રીગેશન શેડ બનાવવાથી નહિ ત્યાં કામગીરી શરૂ થઈ કે નહિ તે મહત્વનું છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કિસાન સન્માન નિધિ, શાળા પ્રવેશોત્સવ, કૃષિ મહોત્સવ, વન મહોત્સવ જેવા આવી રહેલા મહત્વના કાર્યક્રમો અંગે પણ દરેક તાલુકામાં તેની અમલવારીમાં એક ટીમ તરીકેની કામગીરી કરવામાં આવે તે માટે સવિશેષ ભાર મુક્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે લક્ષ્યાંકસિદ્ધિ કાગળ પર જેટલી સારી દેખાવ તેટલી ફિલ્ડમાં પણ સારી હોવી અત્યંત જરૂરી છે.

આ બેઠકમાં ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મનીષાબેન પટેલ ચારેય તાલુકાના તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લાના કેટલાક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નારાજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સત્તાવાળાઓનો સંપર્ક કરી અને તાત્કાલિક આ દર્દીઓના પૈસા પાછા અપાવ્યા હતા એટલુ જ નહિ હોસ્પિટલના સત્તાવાળાઓને આ અંગે કડક તાકીદ કરી પુનઃ ફરિયાદ મળશે તો શિક્ષાત્મક કાર્યવાહી અંગેની ચેતવણી પણ આપી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પાણીના ક્લોરીનેશન તેમજ હિટવેવના કેસો અંગે પણ વધુ સતર્ક રહી કામગીરી કરવામાં આવે તેના પર તેમણે ભાર મુક્યો હતો.

### ઘટાડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આના માટે બેંક સામાન્યરીતે રિઝર્વ બેંકથી એક દિવસ માટે ઓવરનાઈટ લોન મેળવે છે. આ લોન ઉપર રિઝર્વ બેંકને તેમને વ્યાજ ચુકવવાની જરૂર હોય છે. જે વ્યાજ ચુકવવાની જરૂર હોય છે તેને રેપોરેટ કહેવામાં આવે છે. બીજી બાજુ રિવર્સ રેપોરેટ આનાથી બિલકુલ અલગ હોય છે. બેંકોની પાસે દિવસભર કામકાજ બાદ મોટી રકમ બચી જાય છે. બેંક આ રકમ રિઝર્વ બેંક પાસે રાખી શકે છે જેના ઉપર તેમને વ્યાજ મળે છે જે રકમ ઉપર આ વ્યાજ મળે છે તેને રિવર્સ રેપોરેટ કહેવામાં આવે છે. આવી જ રીતે તમામ બેંકો માટે જરૂરી હોય છે કે, તે પોતાની પાસેના કુલ કેશ રિઝર્વનો એક ચોક્કસ હિસ્સો બેંક પાસે જમા રાખે અને કેશ રિઝર્વ રેશિયો કહેવામાં આવે છે. ક્યારેક એવું બને છે કે, એક સાથે અનેક જમા કરનાર લોકો પોતાના પૈસા ઉપાડવા માટે બેંકોમાં પહોંચી જાય છે. આવી સ્થિતિમાં બેંક ડિફોલ્ટ ન કરે તે માટે આ રકમ લેવામાં આવે છે. આવી જ રીતે એસએલઆર પણ મહત્વપૂર્ણ બાબાત છે. કોમર્શિયલ બેંકો માટે પોતાના દરેક દિવસના કારોબારના અંતમાં રોકડ રકમ, સોના-ચાંદી અને સરકારી સિક્યુરિટીમાં રોકાણ તરીકે એક મોટી રકમ રિઝર્વ બેંકની પાસે રાખવાની જરૂર હોય છે. જે તે કોઈપણ ઈમરજન્સી દેવાદારીને પૂર્ણ કરવા માટે ઉપયોગ કરી શકે છે. જે રેટ ઉપર બેંક પોતાના પૈસા સરકારની પાસે રાખે છે તેને એસએલઆર કહેવામાં આવે છે.આરબીઆઈએ તમામ મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા હતા. રિવર્સ રેપોરેટ ૫.૭૫ ટકાથી ઘટાડીને ૫.૫૦ ટકા કરી દેવામાં આવ્યો છે. રિવર્સ રેપોરેટમાં કાપ મુકીને ૫.૫૦ ટકા કરવામાં આવ્યો છે. જીડીપી ગ્રોથની આગાહી વધારવામાં આવી છે.

### મંત્રણા નહીં

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત આને બનાવવા માટે કટિબદ્ધ છે. તેમણે ઉમેર્યું હતું કે, અમે આ પ્રોજેક્ટ સાથે જોડાયેલી એક કમિટિમાં પાકિસ્તાન દ્વારા વિવાદાસ્પદ તત્વોની નિમણૂંકના રિપોર્ટ ઉપર સ્પષ્ટીકરણની માંગ કરી છે. આ ઉપરાંત અગાઉની બેઠકમાં પાકિસ્તાનની પાસેથી કેટલાક મહત્વપૂર્ણ પ્રસ્તાવ પર સ્પષ્ટીકરણની માંગ કરવામાં આવી હતી. પાકિસ્તાને કોરિડોરનું કામ

જોવા માટે જે કમિટિ બનાવી હતી તેમાં અનેક ખાલિસ્તાની અલગતાવાદીઓને સામેલ કર્યા હતા. રવિશકુમારે કહ્યું હતું કે, ઈરાનની સાથે તેલ આયાતના સંદર્ભમાં વ્યાપક વિચારણા ચાલી રહી છે. જે પણ નિર્ણય લેવામાં આવશે તે ઉર્જા જરૂરિયાતો અને સુરક્ષા તેમજ રાષ્ટ્રીય હિતોના આધારે લેવામાં આવશે. વિદેશમંત્રી એસ જયશંકર ૭મી અને ૮મી જૂનના દિવસે ભૂટાન જનાર છે. પડોશી પ્રથમની નીતિને પ્રાથમિકતા આપવાની તૈયારી કરવામાં આવી છે. આજ કારણસર આ વખતે પડોશી દેશોને ઉચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપની શાનદાર જીત થઈ હતી.

### આગાહી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વખતે ચોમાસું એક અઠવાડિયાના વિલંબમાં આવી શકે છે. હવે કેરળમાં તેના ૮ જૂન સુધીમાં આવવાની સંભાવના છે. સામાન્ય રીતે ચોમાસું ૧ જૂને કેરળમાં પહોંચી જાય છે અને આ સાથે જ સત્તાવાર રીતે ચાર મહિના માટે વરસાદની શરૂઆત થાય છે. આઈએમડીએ ચોમાસાને લઈને બુલેટિનમાં કહ્યું છે કે, ઉત્તર તરફથી ધીરે ધીરે વધી રહેલી અનુકૂળ સંભાવનાઓના કારણે ૮ જૂનની આસપાસ કેરળના દક્ષિણ-પશ્ચિમમાં ચોમાસાની શરૂઆત થવાની આશા છે. આગામી ત્રણ-ચાર દિવસમાં ઉત્તર પૂર્વ રાજ્યોના કેટલાક ભાગોમાં દક્ષિણ પશ્ચિમમાં ચોમાસાને લઈને અનુકૂળ સ્થિતિ બનાવવાની સંભાવના છે. હવામાન વિભાગે કહ્યું હતું કે, ૭ જૂને ચોમાસું શરૂ થઈ શકે છે. હવામાન આગાહી કરનાર ખાનગી એજન્સી સ્કાઈમેટે શનિવારે જાહેરાત કરી હતી કે, ૪ જૂન અને ૭ જૂન વચ્ચેના ચોમાસું આવવાની આશા છે. ઉત્તર ભારતમાં ભીષણ લૂનો પ્રકોપ બુધવારે પણ યથાવત રહ્યો હતો. રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં કેટલીક જગ્યાએ પારો ૪૭ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયો હતો. આ ક્ષેત્રોમાં કેટલીક જગ્યાએ વરસાદી છાંટા થયા હતા, પરંતુ તેનાથી તાપમાન પર કોઈ અસર થઈ ન હતી.

### પ્રવાસે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પડોશી પ્રથમની નીતિ અને દરિયાઈ સિદ્ધાંત પ્રત્યે ભારતની કટિબદ્ધતાને સ્પષ્ટપણે દર્શાવે છે. આર્થિક સમૃદ્ધિ હાંસલ કરવા માટે ભારતના પ્રયાસો અવિરતપણે જારી રહ્યા છે. બીજી અવધિમાં મોદીની આ પ્રથમ વિદેશ યાત્રા રહેશે જેને લઈને બંને દેશોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.